ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં કોરોનાનો હાહાકાર : વધુ ૬૫ કેસ

**ગાંધીનગર ગ્રામ્યમાં ૨૫, માણસામાં ૨, કલોલમાં ૫ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા : સે. ૩૦ માંથી ૪ કેસ, સે. ૨૪ અને ૨૬ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨૦, ૨૧, ૬, ૧૨, ૨૭ માંથી બે-બે કેસ તેમજ સે. ૨૫, ધોળાકુવા, સે. ૨૯, સે. ૨, ૧૭, ૪, ૧૫, ૧૩, ૧૨ અને સે. ૮ માંથી કેસ મળી આવેલ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. આજે દિવાળી પછીના બીજા રાઉન્ડમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૬૫ કેસ આજે નોંધાયા છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં જ ચેપરેટ જે ૪ ટકાએ પહોંચ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર શહેરમાં ૩૦ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. જે રીતે ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધી રહી છે તેને પગલે તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ત્રણ વિદ્યાર્થીઓ, ૭ ખેડૂતો, ૩ કર્મયોગીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી સાતને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તે મંજૂર રાખવામાં આવ્યો છે. ગઈકાલે ધણપમાં નોંધાયેલા કેસોનો આજે પણ જિલ્લાતંત્રએ ઉલ્લેખ કરવાનું ટાળ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ, કલોલમાં ૫ કેસ, માણસામાં ૨ કેસ અને ગાંધીનગર ગ્રામ્યમાં ૨૫ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના પાલૈયા ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક દંપત્તિ અને બીજા અન્ય એક દર્દીનો સમાવેશ થાય છે.

કલોલમાં ધાનજમાંથી બે કેસ, ધમાણસામાંથી બે કેસ અને અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. ધમાસણા ગામેથી મળેલ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માણસા તાલુકાના પુંધરા ગામેથી એક કેસ અને મહુડી ખાતેથી એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યુ છે. શરૂઆતથી જ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને પગલે તંત્રને પણ તે કાબુમાં લેવામાં નિષ્ફળતા મળી છે. તંત્રએ તાલુકામાં સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના ૩ એન્ટ્રી પોઈંટ પર ટેસ્ટીંગ માટે ખાસ કેમ્પ સાઈટ ઉભી કરાઈ

ગાંધીનગર શહેરના ત્રણ મહત્વના એન્ટ્રી પોઈંટ ગણાતા રાંધેજા ચોકડી, કોબા ચોકડી તેમજ લેકાવાડા પાસે તંત્રએ એન્ટીજન ટેસ્ટ માટેના કેમ્પ ખોલ્યા છે.

શહેર અને જિલ્લામાં જે રીતે ઝડપથી કેસો વધી રહ્યા છે તેથી સતર્ક બનેલા તંત્રએ હવે આ ત્રણેય પોઈંટ પર ખાસ કેમ્પસાઈટ ખોલી અને ટેસ્ટીંગમાં વધારો કર્યો છે.

ગાંધીનગર શહેમરાં પાંચ સ્થાનો પર તો કોરોનાનો એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેમ તેમ લોકો ટેસ્ટ કરાવવા માટે પણ આ સેન્ટરો પર લાઈનો લગાવી રહ્યા છે.

ગઈકાલે મનપાના તંત્ર દ્વારા ૧૨૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને આજે પણ ૧ હજારથી વધુ વ્યક્તીના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## ભાજપના વોર્ડ નં. ૧૦ના ઉમેદવાર મહેન્દ્ર દાસ કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જંગમાં વોર્ડ નં. ૧૦ માં ભાજપના ઉમેદવાર બનેલા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ પટેલ કોરોનાથી સંક્રમિત થતાં તેમને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે તેમણે આ અંગે વિડીયોક્લીપ જાહેર કરી અને તેમના સંપર્કમાં આવેલા સૌને ટેસ્ટ કરાવી લેવા અપીલ કરી છે.

તેમણે જણાવ્યુ છે કે ત્રણ દિવસ પહેલાં પાર્ટીની બેઠક દરમ્યાન અસ્વસ્થતા જણાતા તેઓ બધાથી દૂર જઈ બેઠા હતા. દોઢ દિવસ આરામ કર્યા બાદ ટેસ્ટ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તબીબોની સલાહને ધ્યાને લઈ તેઓ સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ થયા છે. ગાંધીનગર મનપાના ચૂંટણી જંગના વોર્ડ ઈન્ચાર્જ અરવિંદ ઠાકોર, ઉપ પ્રમુખ જૈમીન વૈદ્ય તેમજ અગ્રણી કાર્યકર પણ અગાઉ કોરોના પોઝીટીવ આવ્યા હતા. ગાંધીનગર નજીકનું રાયસણ ગામ હાલ તો કોરોના માટે હોટસ્પોટ જેવુ બની રહ્યુ છે.

## કોમર્સ કોલેજના બે અધ્યાપકો સંક્રમિત, કોલેજમાં ખાસ વેક્સીનેશન કેમ્પ યોજાયો : ૮૦ કર્મયોગીઓને આવરી લેવામાં આવ્યા

ગાંધીનગર કોમર્સ કોલેજના બે અધ્યાપકોનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી શૈક્ષણિક વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

બે અધ્યાપકો પોઝીટીવ આવ્યા બાદ કોલેજ કેમ્પસમાં તાબડતોબ કોરોના વેક્સીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને જેમાં ૮૦ થી વધુ કર્મયોગીઓને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## રાજ્ય મંત્રીમંડળના વધુ બે મંત્રી કોરોનાથી સંક્રમિત થયા

રાજ્ય મંત્રીમંડળના વધુ બે મંત્રી આજે કોરોનાથી સંક્રમિત થયા છે. ગઈકાલે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સંક્રમિત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આજે રાજ્યના આદિજાતિ વિકાસ અને પર્યાવરણ મંત્રી ગણપતસિંહ વસાવાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે, અને તેઓ પણ તબીબોની સલાહ મુજબ હોસ્પિટલમાં દાખલ થયા છે.

અગાઉ ઈશ્વરભાઈ પરમાર અને સૌરભભાઈ પટેલ કોરોનાથી સત્ર દરમ્યાન સંક્રમિત થયા હતા.

ગણપતભાઈ વસાવાએ આજે ટ્વીટરના માધ્યમથી તેમને થયેલા કોરોનાની જાણકારી આપી છે અને સંપર્કમાં આવેલાઓને ટેસ્ટ કરાવી લેવા અપીલ કરી છે. મોડી રાત્રે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોરનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે અને તેઓ હોમ આઈસોલેટ થયા છે.



**રવિવારની રજામાં પ્રચારની તક ઝડપી લેતા ઉમેદવારો :** વાગ્યો રે ઢોલ ભાઈ વાગ્યો રે ઢોલ...!! પાટનગરમાં પ્રજાના પ્રતિનિધિઓની પસંદગી કરવાની પ્રક્રિયા એટલે કે ચુંટણીઓ ચાલી રહી છે અને પ્રતિનિધિ બનવા થનગનતા મુરતિયાઓએ પ્રજા સમક્ષ જઈને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી પ્રજાને પ્રભાવિત કરવા પ્રયાસ કરવાનું શરૂ કરી દીધું છે. એમાં પણ રવિવારની રજાનો દિવસ મળે એટલે 'કર્મચારી' નગરના મતદારો ઘરે હાથવગાં જ હોય, તે સ્થિતિનો લાભ ઉઠાવી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેય મુખ્ય પક્ષો સહિતના ઉમેદવારોએ સવારે અને સાંજે ડોર ટુ ડોર પ્રચાર કરવાની તક ઉઠાવી લીધી હતી. જેના કારણે શહેરના લગભગ તમામ રહેણાંક વિસ્તારોમાં રાજકીય ચુંટણી પ્રચાર કરતા ઉમેદવારો તથા ટેકેદારોના ટોળાં ફરતા જોવા મળ્યા હતા.

## શબ્દોનો શહેનશાહ, મૌન થઈ ગયો - ગઝલ સુની થઈ ગઈ ખલીલ વગર

**હું ખલીલ, આજે મર્યો છુ, એ પ્રથમ ઘટના નથી જીંદગીભર હપ્તે હપ્તે રોજ ચુકવાયો હતો**

(ધ્વનિલ પારેખ) ગાંધીનગર, તા. ૪

ગુજરાતી કવિતા ક્ષેત્રે ગઝલ અત્યંત લોકપ્રિય કાવ્યપ્રકાર રહ્યો છે. મુશાયરા પ્રવૃત્તિને કારણે ગઝલે લોકપ્રિયતા હાંસલ કરી અને ગઝલકારો પણ લોકપ્રિય થવા લાગ્યા. સાંપ્રત ગુજરાતી ગઝલ ક્ષેત્રે 'જલન' માતરી પછી ખલીલ ધનતેજવી એક એવા ગઝલકાર હતા કે જેઓ લોકપ્રિયતાના શિખરે બિરાજમાન હતા. ગુજરાતમાં થતા મુશાયરાઓમાં ખલીલની હાજરી અનિવાર્ય હતી. એ હાજરી હવે ગેરહાજરીમાં ફેરવાઈ છે.

**ખલીલ છું**

ખલીલ છું દોસ્તો ! ખલેલ નથી,
ખુમારી કાંઈ નાનીમાના ખેલ નથી !
જીવ્યો અને જીવીશ ગઝલો મહીં,
દરેક માટે એ રેલમ છેલ નથી !
સાવ નોખી સફર મારી રહી,
જિંદગીમાં એટલે બસ મેલ નથી !
વહેતા થયા વાવડ વિદાયના,
શ્વાસ સાથે એટલે તાલમેલ નથી !
મોત પણ જોઈને શરમાઈ ગયું,
ધનતેજવીમાં ક્યાંય ગાલમેલ નથી !
- જગદીશ ગોર 'શરમાળ'



'આજ મેં રાશન કી કતારોં મૈ નજર આતા હું,
અપને ખેતોં સે બિછડને કી સજા પાતા હું,

- જગજિતસિંહનો કંઠ જે ગઝલકારની ગઝલને સાંપડ્યો હતો એ ગઝલકારે આપણી વચ્ચેથી વિદાય લીધી.

ખલીલ ધનતેજવી પાસેથી 'સારાંશ', 'સોગાત', 'સૂર્યમુખી', 'સાયબાં', 'સગપણ', 'સાદગી' વગેરે દસેક ગઝલસંગ્રહો પ્રાપ્ત થયા. થોડા સમય પૂર્વે જ એમનો ૬૦૦ થી વધારે ગઝલોનો એમનો સમગ્ર સંગ્રહ પ્રગટ થયો હતો. ગુજરાતી કવિતા ક્ષેત્રે અપાતું સર્વોચ્ચ સન્માન આદ્ય કવિ નરસિંહ મહેતા એવોર્ડ પણ એમને મળ્યો હતો. મુશાયરામાં પોતાની રજૂઆતથી છવાઈ જતા ખલીલ ધનતેજવીના કેટલાયે શે'ર લોકોને કંઠસ્થ છેઃ

'ઘર સુધી તું આવવાની જિદ ન કર,
ઘર નથી નહિતર તો ના પાડું તને ?'
'તું દરિયો છે, તો મારું નામ ઝાકળ છે, એ જાણી લે, -
નદીની જેમ દોડીને તને મળવા નહિ આવું.
'તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.'

ગઝલ માટે જરૂરી બોલ ચાલતો લહેકો, સરળ શબ્દોની પસંદગી અને મુશાયરામાં વિશિષ્ટ અદાયગી-ખલીલ ધનતેજવીને સર્વાધિક લોકપ્રિય ગઝલકારોમાં સ્થાન અપાવે છે. મુશાયરામાં એમની રજૂઆત ધારદાર ને સોસરી હતી. પ્રેમ સંદર્ભે નાજુક ભાવોની અભિવ્યક્તિ કરતી વખતે પણ ખલીલ ધનતેજવીની અભિવ્યક્તિમાં ખુમારી દેખાય છે. હૈયાનો વલોપાત હોય છે પણ એ વલોપાત દયનીય નહીં પણ ખુમારીભર્યો હોય છે. ગઝલ ઉપરાંત નવલકથા અને સિનેમા ક્ષેત્રે પણ એમનું લેખન રહ્યું હતું. પરંતુ ખલીલ ધનતેજવી એટલે ગઝલ એવી એમની ઓળખ સ્થાપિત થઈ ગઈ હતી. ખલીલ ધનતેજવીનું ગઝલ વિશ્વ ભાવક માટે એક એવો દરિયો હતો જેમાં ડૂબકી લગાવનારને મોજે મોજનો અનુભવ થાય. ખલીલ ધનતેજવી ગુજરાતી ગઝલની મોજ હતા, એ મોજે વિદાય લીધી છે ત્યારે એમને એમના શે'ર દ્વારા શ્રદ્ધાંજલી આપીએ-

'સાવ ઓચિંતુ સામા છોડી કોઈ ચાલ્યું ગયું,
કોઈ ના પૂરી શકે, એવી જગા ખાલી પડી.'
અલવિદા જનાબ ખલીલ ધનતેજવી !

## IIMમાં વધુ ૧૫ કેસ નોંધાતા સંક્રમિતોનો આંકડો ૧૧૯ થયો

**અમદાવાદ આઈઆઈએમમાં કોરોના બેફામ બન્યો : કોરોનાના કેસો વધતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી કોરોનાના ટેસ્ટ આઈઆઈએમ દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા**

અમદાવાદ, તા.૪

અમદાવાદ આઈઆઈએમમાં કોરોના બેફામ રીતે વધી રહ્યો છે. આઈઆઈએમમાં કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવતાં તંત્ર દોડતુ થયું છે. ચાલુ વર્ષે અત્યાર સુધી પોઝિટિવ કેસનો આંકડો ૧૧૯ પર પહોંચ્યો છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ, ૨ ફેકલ્ટી મેમ્બર, ૧૦ ઓફ કેમ્પસ સ્ટાફ, ૦૨ ઓન કેમ્પસ સ્ટાફ, ૧૩ કોમ્યુનિટી મેમ્બર અને ૧૧ કોન્ટ્રાકટ સ્ટાફને કોરોના થયો છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં કુલ ૧૦૪ કેસ નોંધાયા હતા. આઈઆઈએમના ડેશ બોર્ડ પ્રમાણે, કોરોનાના કેસો વધતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી કોરોનાના ટેસ્ટ આઈઆઈએમ દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા. આઆઈએમ કેમ્પસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેસ્ટ કેમ્પ અલગ-અલગ દિવસો દરમ્યાન લગાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મચારીઓ અને કોમ્યુનિટી મેમ્બરો જેમને થોડા પણ કોરોનાના લક્ષણો દેખાય તેમના ટેસ્ટ કરવામાં આવતા હતા.૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૭ માર્ચ ૨૦૨૧ સુધીમાં આઈઆઈએમએમાં કુલ ૧૯૧ જેટલા કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાં ૮૬ વિદ્યાર્થીઓ, ૪ પ્રોફેસર, ૧૪ ઓન કેમ્પસ અને ૨૭ ઓફ કેમ્પસ સ્ટાફ, ૧૯ કોન્ટ્રાકટ સ્ટાફ અને ૪૧ કોમ્પ્યુનીટી અને અન્ય સ્ટાફ




કોરોના પોઝિટિવ થયો હતો. કોરોનાની બીજી લહેર હાલ જોવા મળી રહી છે. અમદાવાદમાં રોજ ૬૦૦થી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદની ખાનગી હૉસ્પિટલની જો વાત કરવામાં આવે તો ૭૦ જેટલી કોવિડ ડેઝિગ્નેટેડ હૉસ્પિટલ છે. જેના કુલ ૩,૪૦૦ બેડમાંથી ૭૦ ટકા જેટલા બેડ ભરાઈ ગયા છે. છેલ્લા એક અઠવાડિયાથી કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તેવામાં ખાનગી હૉસ્પિટલમાં મફત સારવાર મળી રહે તે માટે એમઓયુ કરવાની માંગ લોકો દ્વારા કરાઈ રહી છે. બીજી તરફ સરકારી હૉસ્પિટલમાં પૂરતા બેડ ખાલી હોવાથી હજુ સુધી ખાનગી હૉસ્પિટલ સાથે એમઓયુ કરાયા ન હોવાનું અમદાવાદ હૉસ્પિટલ ઍન્ડ નર્સિંગ હોમ ઍસોસિયેશનના પ્રમુખ ડૉ. ભરત ગઢવી જણાવી રહ્યા છે. ગત વર્ષે કોરોનાનાં કેસ વધતા ૪૦ જેટલી ખાનગી હૉસ્પિટલ સાથે ૫૦ ટકા બેડ માટેના એમઓયુ કરી, દર્દીઓને મફત સારવારની વ્યવસ્થા કરાઈ હતી. હાલ આ એમઓયુ રદ કરાયા છે.

## આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ : મનપા જંગનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાનું ચૂંટણી ચિત્ર આજે સ્પષ્ટ થઈ જશે. ૧૮મી એપ્રિલે થનાર મતદાન પૂર્વે આજે બપોરે ૩ વાગે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની મુદત સંપન્ન થશે.

મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં ૨૩૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા હતા. આ પછી ગઈકાલે યોજાયેલ ચકાસણીમાં ૬૨ ઉમેદવારી પત્રો અમાન્ય રહેતા ૧૭૧ ઉમેદવારો મેદાનમાં છે.

અપક્ષ ઉમેદવારોને સમજાવવા અને કેટલાક ઉમેદવારોને ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાના દબાણો વચ્ચે આજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. બપોરે ૩ વાગ્યા પછી હરિફ ઉમેદવારોની યાદી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં ત્રિપાંખીયો જંગ તો નિશ્ચત બની ચુક્યો છે. હવે અપક્ષો અને અન્ય પક્ષના ઉમેદવારોમાંથી કેટલા ખસી જાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી છે. આ ચૂંટણીમાં આપ આદમી પાર્ટી ત્રીજી પાર્ટી તરીકે ઉભરી આવી હોવાથી તેમજ અપક્ષો અને અન્ય પક્ષોના ઉમેદવારોને મળનારા મતો કોનુ ગણિત બગાડશે તેની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ગઈ છે.

બન્ને મુખ્ય પક્ષો ભાજપ-કોંગ્રેસ દ્વારા પણ ડેમેજ કંટ્રોલની કાર્યવાહી વેગીલી બનાવી છે અને તેમના સત્તાવાર ઉમેદવારોએ તો હોમ ટુ હોમ જનસંપર્ક અભિયાન શરૂ કરી દીધુ છે. જો કે હજુ શહેરમાં આ ચૂંટણીને લઈ જેવો માહોલ જામવો જોઈએ તે જામતો જોવા મળતો નથી.

કોરોનાની મહામારીને કારણે હાઉસ ટુ હાઉસ રાઉન્ડમાં પણ કાર્યકરો જોડાતા ગભરાઈ રહ્યા છે.

શહેરમાં મનપાની આ ચૂંટણીમાં આજે ચિત્ર સ્પષ્ટ થયા પછી જંગ જામશે તેમ રાજકીય વર્તુળોનું માનવુ છે.

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮ www.capitaloffset.in
કેપિટલ ઑફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઑફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઑફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad Jaquar DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com